BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH
( Established vide Government of Gujarat Act No. 23/2015 )
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ
( ગુજરાત અધિનિયમ નં. ૨૩ / ૨૦૧૫ દ્વારા સ્થાપિત )

## પરિપત્રઃ-

વિષયઃ- શૈક્ષણિક વર્ષ:૨૦૨૩-૨૪માં ત્રીજા તથા પાંચમા સેમેસ્ટરમાં કોલેજ ટ્રાન્સફર કરી પ્રવેશ મેળવવા બાબતે મુદ્દત વધારો કરવા બાબત.

સંદર્ભઃ- અત્રેના પરિપત્ર ક્રમાંક/બીકેએનએમયુ/એકેડેમીક/૧૦૭૯/૨૦૨૩, તા.૨૪/૦૫/૨૦૨૩.

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન સરકારી/ગ્રાન્ટ ઇન એઇડ/સ્વનિર્ભર તમામ કોલેજોનાં આચાર્યશ્રીઓ/તમામ અનુસ્નાતક કેન્દ્રોનાં વડાશ્રીઓ તથા વિદ્યાર્થી ભાઈઓ/બહેનોને જણાવવામાં આવે છે કે, યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં કોલેજ ટ્રાન્સફર બાબતે માનનીય કુલપતિશ્રીનાં આદેશ અનુસાર યુ.જી.સેમેસ્ટર-૩,૫ તથા પી.જી.સેમેસ્ટર-૩માં કોલેજ ટ્રાન્સફરથી પ્રવેશ મેળવવા માંગતા વિદ્યાર્થીઓએ અત્રેની યુનિવર્સિટીનાં ઉક્ત સંદર્ભદર્શિત પરિપત્રથી તા.૦૫/૦૬/૨૦૨૩ થી તા.૨૦/૦૬/૨૦૨૩ સુધીમાં વિદ્યાર્થીઓએ કોલેજ ટ્રાન્સફર કરવા અંગે જે કોલેજમાં પ્રવેશ મેળવવા માંગતા હોય તે કોલેજ ખાતે અરજી કરવાની રહેશે તેમજ કોલેજ/સંસ્થા દ્વારા તા.૩૦/૦૬/૨૦૨૩ સુધીમાં અત્રેની યુનિવર્સિટી ખાતે અરજી કરવા જણાવેલ હતું.

ઉક્ત બાબતે કોલેજ/સંસ્થાઓ તથા વિદ્યાર્થીઓની આવેલ રજૂઆતને ધ્યાનમાં રાખી માન.કુલપતિશ્રી દ્વારા વિદ્યાર્થી હિતમાં કોલેજ ટ્રાન્સફર માટે અરજી કરવાની મુદ્દત લંબાવવામાં આવે છે. જે અંગે વિદ્યાર્થીઓ દ્વારા તા.૩૦/૦૬/૨૦૨૩ સુધીમાં જે કોલેજમાં પ્રવેશ મેળવવા માંગતા હોય તે કોલેજ ખાતે અરજી કરવાની રહેશે. તેમજ કોલેજ/સંસ્થાઓ દ્વારા કોલેજ ટ્રાન્સફર માટેની સમગ્ર પ્રક્રિયા પૂર્ણ કરી **તા.૦૫/૦૭/૨૦૨૩ સુધીમાં અત્રેની યુનિવર્સિટી ખાતે અરજીઓ જમા કરાવવાની રહેશે.**

**ખાસ નોંધઃ-**
અત્રેની યુનિવર્સિટીના તા.૨૪/૦૫/૨૦૨૩નાં કોલેજ ટ્રાન્સફરનાં પરિપત્રમાં વિદ્યાર્થીઓના કોલજ ટ્રાન્સફર આપવા અંગે જણાવેલ તમામ શરતો યથાવત રહેશે.

કા. કુલસચિવ

**ક્રમાંક/બીકેએનએમયુ/એકેડેમિક/૧૨૫૪/૨૦૨૩**
**ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,**
**ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,**
**ગવર્મેન્ટ પોલીટેકનીક કેમ્પસ,**
**બિલખા રોડ, ખડીયા-જૂનાગઢ-૩૬૨ ૨૬૩**
**તા.૨૩/૦૬/૨૦૨૩**

પ્રતિ,
- ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોનાં આચાર્યશ્રીઓ/અનુસ્નાતક કેન્દ્રોનાં વડાશ્રીઓ/પ્રો.ઇન્ચાર્જશ્રીઓ તરફ...

નકલ સાદર રવાનાઃ-
(૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીનાં અંગત સચિવ.
(૨) આઇ.ટી.સેલ વેબસાઇટ પર પ્રસિધ્ધ કરવા અર્થે.

સરકારી પોલિટેકનિક કેમ્પસ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ, ખડીયા,
જૂનાગઢ – ૩૬૨૨૬૩, ગુજરાત (ભારત),
ફોન નં. ૦૨૮૫ – ૨૬૮૧૪૦૦ ફેક્સ નં.૦૨૮૫–૨૬૮૧૫૦૩

Government Polytechnic Campus,
Bhakta Kavi Narsinh Mehta University Road
Khadiya, Junagadh - 362263 ( Gujarat )
Ph: 0285 - 2681400 fax : 0285 - 2681503

www.bknmu.edu.in info@bknmu.edu.in Bhakta Kavi Narsinh Mehta University Junagadh Bhakta Kavi Narsinh Mehta University Junagadh